For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### જન્મદિવસના ૧૧ દિવસ પહેલા જ બે જોડિયા ભાઈઓની જિંદગીનો અંત

# ઉમેટાના રિસોર્ટમાં સ્વિમિંગ પૂલમાં ડૂબી જતા તાદલજાના હમજા અને નોમાનના કરુણ મોત

**ખુશી** માટે નીકળેલો પરિવાર શોકમાં ગરકાવ

(પ્રતિનિધિ) વડોદરા/આંકલાવ તા.16

શનિ-રવિની રજા પરિવાર સાથે ખુશીથી માણવા નીકળેલા તાદલજાના સિદ્દીકી પરિવારને ક્યાં ખબર હતી કે આ દિવસ તેમના જીવનનો સૌથી કાળો દિવસ બની જશે. ઉમેટા નજીક આવેલા કામધેનુ રિસોર્ટમાં સ્વિમિંગ પૂલમાં ડૂબી જવાથી વડોદરાના બે માસૂમ જોડિયા ભાઈઓના કરુણ મોતની ઘટનાએ સમગ્ર પરિવારને હચમચાવી નાખ્યો છે.

તાદલજા વિસ્તારમાં રહેતા હમજા સિદ્દીકી અને નોમાન સિદ્દીકી બંને જોડિયા ભાઈઓએ રિસોર્ટ જવાની જીદ કરી હતી. બાળકોની ખુશી



માટે પરિવાર રિસોર્ટ પહોંચ્યો હતો. પરંતુ થોડા સમયની મોજમસ્તી જોતજોતામાં માતમમાં ફેરવાઈ ગઈ. સ્વિમિંગ દરમિયાન બંને બાળકો અચાનક એડલ્ટ સ્વિમિંગ પૂલમાં પહોંચી ગયા હતા અને પાણીમાં ડૂબી ગયા હતા. બાળકોને બચાવવા માટે પ્રયાસો કરવામાં આવ્યા, પરંતુ બંનેને બચાવી શકાયા નહોતા.

આ સમગ્ર ઘટનાની સૌથી હૃદયદ્રાવક બાબત એ છે કે બંને જોડિયા ભાઈઓનો જન્મદિવસ આગામી 27 ઓગસ્ટે આવવાનો હતો. જન્મદિવસની તૈયારીઓ અને ઉજવણીના સપના જોતા પરિવારને માત્ર 11 દિવસ પહેલાં જ બંને સંતાનોના મોતના સમાચાર મળ્યા. એકસાથે જન્મેલા બંને ભાઈઓ એકસાથે જ દુનિયાને અલવિદા કહી જતા પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું છે. જે ઘરમાં થોડા દિવસો બાદ જન્મદિવસની ખુશીઓ અને ઉજવણીનો માહોલ સર્જાવાનો હતો, ત્યાં આજે શોકનો માહોલ છવાયો છે. બે માસૂમ સંતાનોને ગુમાવ્યાની પીડાથી પરિવારજનોમાં આક્રંદ ફેલાયો છે.

પરિવારજનોએ રિસોર્ટ મેનેજમેન્ટ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. સ્વિમિંગ પૂલ પાસે પૂરતી સુરક્ષા વ્યવસ્થા, દેખરેખ અને સલામતીના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં તે અંગે સવાલો ઉઠ્યા છે.

ઘટનાને પગલે આંકલાવ પોલીસે તપાસ હાથ ધરી છે. રિસોર્ટમાં સુરક્ષા વ્યવસ્થા કેવી હતી, સ્વિમિંગ પૂલ માટે જરૂરી નિયમોનું પાલન થતું હતું કે નહીં અને ઘટના સમયે દેખરેખ માટે કોઈ જવાબદાર વ્યક્તિ હાજર હતી કે નહીં સહિતના મુદ્દાઓ અંગે પોલીસ તપાસ કરી રહી છે.

પરિવાર માટે રજાનો એક દિવસ હવે જીવનભરનો ઘાવ બની ગયો છે. જે બે ભાઈઓ થોડા દિવસોમાં સાથે જન્મદિવસની કેક કાપવાના હતા, તેઓ હવે પરિવારની યાદોમાં જ રહી ગયા છે.

## વડોદરામાં વાવાઝોડા સાથે ધોધમાર વરસાદની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરામાં આગામી દિવસોમાં વરસાદી માહોલ યથાવત્ રહેવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના સ્થાનિક અહેવાલ મુજબ આજે ગાજવીજ સાથે વરસાદ પડવાની સાથે 30થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. શહેરમાં મહત્તમ 31.2 અને લઘુત્તમ 25.6 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. છેલ્લા 24 કલાકમાં 4 મિ.મી. વરસાદ પડ્યો હતો. સવારે ભેજ 83 ટકા અને સાંજે 68 ટકા નોંધાયો હતો. 16 ઓગસ્ટે વાવાઝોડા સાથે વરસાદ અને યલો એલર્ટની આગાહી છે. 17 ઓગસ્ટે પણ વાવાઝોડા સાથે વરસાદ પડી શકે છે. 18મીએ વાદળછાયું વાતાવરણ સાથે હળવો વરસાદ, જ્યારે 19મીએ વાવાઝોડા સાથે વરસાદની શક્યતા છે. 20થી 22 ઓગસ્ટ દરમિયાન વાદળછાયું આકાશ અને હળવા વરસાદની સંભાવના છે. સપ્તાહ દરમિયાન મહત્તમ તાપમાન 31થી 32 અને લઘુત્તમ 26 ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે.

### વડોદરાના ઉત્તર ઝોન સાથે પાલિકાનો અન્યાય

# દશામાના વિસર્જન માટે કૃત્રિમ તળાવ નહીં અપાતાં રહીશોમાં ભારે આક્રોષ

**અન્ય** ૩ ઝોનમાં ૯ તળાવો પણ ઉત્તર ઝોન વંચિત; સ્થાનિકોને છેક હરણી અને નવલખી સુધી ધક્કા ખાવાની નોબત



(પ્રતિનિધિ) વડોદરા તા.16

સંસ્કારી નગરી વડોદરામાં હાલ દશામાના પવિત્ર વ્રતની ભારે શ્રદ્ધા અને ધામધૂમપૂર્વક ઉજવણી થઈ રહી છે. હજારો મહિલાઓ દ્વારા માં દશામાની પ્રતિમાઓ સ્થાપિત કરી પૂજન-અર્ચન કરવામાં આવી રહ્યું છે, જેનું ૨૧મી તારીખે વિસર્જન થનાર છે. પરંતુ વિસર્જનની વ્યવસ્થામાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા ઉત્તર ઝોન પ્રત્યે દાખવવામાં આવેલા અસમાન વલણને કારણે સ્થાનિક રહીશો અને ભક્તોમાં ચારેકોર ભારે રોષ અને આક્રોશ વ્યાપી ગયો છે.

પાલિકા દ્વારા પ્રતિમા વિસર્જન માટે પશ્ચિમ, દક્ષિણ અને પૂર્વ ઝોનમાં કુલ ૯ કૃત્રિમ તળાવો ઊભા કરવામાં આવ્યા છે, પરંતુ આશ્ચર્યજનક રીતે ઉત્તર ઝોનમાં એક પણ કૃત્રિમ તળાવની સુવિધા ઊભી કરવામાં આવી નથી. આ ભેદભાવભરી નીતિ સામે ઉત્તર ઝોનના લોકોમાં ભારે ગણગણાટ અને અસંતોષ ફેલાયો છે.

સ્થાનિક રહીશોએ ઉગ્ર રોષ સાથે સવાલ ઉઠાવ્યો છે કે જ્યારે પાલિકા તંત્ર શહેરના અન્ય ત્રણેય ઝોનમાં કૃત્રિમ તળાવો ઊભા કરતું હોય તો પછી ઉત્તર ઝોનની જનતા સાથે જ આવો અન્યાય કેમ કરવામાં આવી રહ્યો છે? સુવિધાના અભાવે ઉત્તર ઝોનના ભક્તોને વિસર્જન માટે છેક હરણી અથવા નવલખી મેદાન સુધી લાંબા થવું પડે છે, જેનાથી ભક્તોને ભારે હાલાકી વેઠવી પડે છે.

સ્થાનિક લોકોએ એકસૂરે પાલિકા તંત્ર પાસે માંગ કરી છે કે ઉત્તર ઝોનના શ્રદ્ધાળુઓની હાલાકી ધ્યાને લઈ તાત્કાલિક ધોરણે આ વિસ્તારમાં પણ કૃત્રિમ તળાવ ઊભું કરવામાં આવે, જેથી લોકોને વિસર્જન માટે દૂર સુધી જવું ન પડે અને ભેદભાવ દૂર થાય.

# ભાયલીની માઈલ્ડ સ્ટોન રેસિડેન્સીમાં મજૂરોની સુરક્ષાનો અભાવ : જીવ જોખમમાં

**સેફ્ટી** બેલ્ટ-સાધનો વિના ઊંચાઈ પર સોલર પેનલ લગાવતા દ્રશ્યો સામે આવ્યા, ગંભીર બેદરકારીનો આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરા શહેરના ભાયલી વિસ્તારમાં મજૂરોની સુરક્ષાને લઈને ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. ભાયલી સ્થિત માઈલ્ડ સ્ટોન રેસિડેન્સીમાં ટેરેસ પર સોલર પેનલ લગાવતી વખતે મજૂરો કોઈપણ પ્રકારના સેફ્ટી સાધનો વિના કામ કરતા જોવા મળ્યા હતા.

સ્થાનિક સૂત્રો પાસેથી મળેલી માહિતી અને સામે આવેલા દ્રશ્યો મુજબ, રેસિડેન્સીના ટેરેસ પર સોલર પેનલ ફિટ કરવાનું કામ ચાલી રહ્યું હતું. પરંતુ આ દરમિયાન કામ કરતા મજૂરોએ સેફ્ટી બેલ્ટ, હેલ્મેટ કે અન્ય કોઈ સલામતી સાધનોનો ઉપયોગ કર્યો ન હતો. ઊંચાઈ પર જોખમી રીતે કામ કરતા મજૂરોના આ દ્રશ્યોને લઈને મજૂરોની સુરક્ષા અંગે સવાલો ઉઠી રહ્યા છે. બાંધકામ અને અન્ય ઊંચાઈના કામ દરમિયાન મજૂરો માટે સેફ્ટી બેલ્ટ, હેલ્મેટ અને સલામતીનાં અન્ય સાધનો ફરજિયાત હોય છે. તેમ છતાં માઈલ્ડ સ્ટોન રેસિડેન્સીના આ પ્રોજેક્ટમાં તેની સંપૂર્ણ ઉપેક્ષા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. મજૂરોની જિંદગીને જોખમમાં મૂકીને ચાલી રહેલી આ પ્રકારની બેદરકારી સામે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સંબંધિત તંત્ર દ્વારા આ મામલે તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### ઓર્થોપેડિક વિભાગના HOD ડૉ. હેમંત માથુર વિવાદમાં

# સયાજી હોસ્પિટલમાં ચાલુ OPD દરમિયાન MRની મુલાકાત મામલે તપાસના આદેશ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૬

વડોદરાની સરકારી સયાજી હોસ્પિટલ ફરી એકવાર વિવાદના ઘેરામાં આવી છે. હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગમાં દર્દીઓની સારવારના સમય એટલે કે ચાલુ OPD દરમિયાન જ વિવિધ ફાર્માસ્યુટિકલ કંપનીઓના મેડિકલ રિપ્રેઝન્ટેટિવ ને બોલાવવામાં આવતા હોવાનો મામલો સામે આવ્યા બાદ હોસ્પિટલ તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું છે. સરકારી નિયમોના ઉલ્લંઘન સમાન આ ગંભીર બાબતને ધ્યાને રાખીને હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટને સમગ્ર ઘટના અંગે ઊંડાણપૂર્વકની તપાસના સ્પષ્ટ આદેશ આપી દેવામાં આવ્યા છે.



મળતી વિગતો અનુસાર, ઓર્થોપેડિક વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટના ડૉ. હેમંત માથુર દ્વારા છેલ્લા ઘણા સમયથી દર શુક્રવારે OPDના સમયગાળા દરમિયાન જ અલગ-અલગ કંપનીના MRને પોતાની કેબિનમાં મુલાકાત માટે બોલાવવામાં આવતા હતા. દર્દીઓ પોતાની સારવાર માટે લાંબી લાઈનોમાં ઉભા હોય તેવા સમયે જ સરકારી નિયમોને નેવે મુકીને આ પ્રકારે ખાનગી કંપનીના પ્રતિનિધિઓ સાથે બેઠકો યોજવામાં આવતી હતી. આ અંગેની જાણ થતાં સ્થળ પર પહોંચેલી તપાસ ટીમને જોઈને ત્યાં હાજર અન્ય MR તો નીકળી ગયા હતા, પરંતુ ઓર્થોપેડિક વિભાગના HOD ડૉ. હેમંત માથુર ચાલુ OPD દરમિયાન જ એક MR સાથે પોતાની કેબિનમાં ચર્ચા વિચારણા કરતા કેમેરામાં આબાદ ઝડપાઈ ગયા હતા. આ મામલે જ્યારે ડૉ. માથુરનો પક્ષ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે તેમણે બચાવત્મક ખુલાસો આપ્યો હતો, પરંતુ વાતચીત દરમિયાન જ તેમણે પોતે સ્વીકાર્યું હતું કે નિયમ મુજબ સરકારી હોસ્પિટલના પરિસરમાં કે ચાલુ OPDમાં MR આવી શકે નહીં.

આ સમગ્ર પ્રકરણમાં સત્ય બહાર લાવવા માટે છેલ્લા બે મહિનાના CCTV ફૂટેજ ચકાસવાની માગ અને શક્યતાઓ પ્રબળ બની છે. જો હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગના છેલ્લા બે મહિનાના CCTV ફૂટેજ ચકાસવામાં આવે તો દર શુક્રવારે અથવા સામાન્ય દિવસોમાં કેટલા MR વિભાગમાં આવ્યા હતા અને તેઓ ચોક્કસ કોની મુલાકાત લેતા હતા તેની તમામ વિગતો પુરાવા સાથે સામે આવી શકે તેમ છે. હાલ તો હોસ્પિટલ તંત્ર દ્વારા શરૂ કરવામાં આવેલી તપાસમાં શું તથ્યો બહાર આવે છે અને તેના આધારે જવાબદાર HOD સામે કેવા પ્રકારની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે તેના પર સૌની નજર ટકેલી છે.

### RMOની સ્પષ્ટતા : તપાસ રિપોર્ટ બાદ ડૉ. હેમંત માથુર સામે શિસ્તભંગની કાર્યવાહી થશે

SSG હોસ્પિટલમાં સારવાર દરમિયાન MRને મળવાના મામલે હોસ્પિટલ તંત્રએ ગંભીરતા દાખવી છે. RMO ડો. હિતેન્દ્ર ચૌહાણે સત્તાવાર સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, સરકારી નિયમો મુજબ હોસ્પિટલમાં દર્દીઓની સારવાર ચાલુ હોય ત્યારે કોઈપણ MR ડોક્ટરોને મળી શકતા નથી. સમગ્ર ઘટનાની જાણ થતાં RMOએ તાત્કાલિક હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટને વાકેફ કર્યા હતા. ત્યારબાદ સુપ્રિટેન્ડેન્ટ દ્વારા સમગ્ર મામલે વિધિવત તપાસ કમિટી રચી તપાસના આદેશ આપવામાં આવ્યા છે. RMOએ જણાવ્યું કે, તપાસ રિપોર્ટ આવ્યા બાદ નિયમો મુજબ ડો. હેમંત માથુર સામે કડક શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

# દમણથી આણંદ લઈ જવાતો રૂ.૧૭.૧૮ લાખનો દારૂ ઝડપાયો

**પાંચ** આરોપીઓની ધરપકડ : પાયલોટિંગ કરતી અર્ટીગા કાર સાથે દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.16

દમણથી આણંદ તરફ પાયલોટિંગ સાથે ટ્રકમાં લઈ જવાતો રૂ.17.18 લાખથી વધુનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો વડોદરા ગ્રામ્ય એલસીબીએ કરજણ ટોલનાકા નજીક ઝડપી પાડ્યો હતો. મુંબઈ-દિલ્હી એક્સપ્રેસવે પર બાતમીના આધારે વોચ ગોઠવી ટ્રક અને તેની આગળ પાયલોટિંગ કરતી અર્ટીગા કારને અટકાવી તપાસ કરતાં સમગ્ર હેરાફેરીનો પર્દાફાશ થયો હતો.

ટ્રકની તાડપત્રી હટાવી તપાસ કરતાં પ્લાસ્ટિકના થેલામાં છુપાવેલો દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ 162 પેટીઓમાંથી 4,632 બોટલો તથા બિયરના ટીન કબજે કર્યા હતા. પોલીસે ટ્રકચાલક વિકાસકુમાર નંદલાલ ખરવાર (જૌનપુર, ઉત્તરપ્રદેશ) સહિત અર્ટીગા કારમાં સવાર હસનભાઈ અલીભાઈ પટેલ, નરેન્દ્રભાઈ રણજીભાઈ સોઢા, દિનેશભાઈ ભુલાભાઈ સોલંકી અને સવિતાબેન નરસિંગભાઈ માવીની ધરપકડ કરી હતી. પ્રાથમિક તપાસમાં દારૂનો જથ્થો દમણના કચી ગામ પાસેથી ભરી આણંદમાં છૂટક વેચાણ માટે લઈ જવાતો હોવાનું સામે આવ્યું છે. પોલીસે રૂ.17.18 લાખથી વધુનો દારૂ-બિયર, રૂ.7 લાખની ટ્રક, રૂ.5 લાખની અર્ટીગા કાર અને રૂ.41 હજારના પાંચ મોબાઈલ સહિત કુલ રૂ.29.60 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જથ્થો કોણે મોકલ્યો હતો અને હેરાફેરીમાં અન્ય કોણ સંડોવાયેલું છે તે અંગે વધુ તપાસ હાથ ધરાઈ છે.

### આજવા રોડની સોસાયટીમાં દશામાના દર્શનના આમંત્રણ મુદ્દે ઘર્ષણ

# દશામાની સ્થાપનાને લઈ બબાલ, રહીશો અને ભક્તો વચ્ચે છુટાહાથની મારામારી

6 મહિના અગાઉથી ચાલી રહ્યો હતો વિવાદ

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરાના આજવા રોડ પર આવેલી શ્રીજી આશ્રય સોસાયટીમાં ફ્લેટમાં દશામાની મૂર્તિ સ્થાપી જાહેર દર્શનનું આમંત્રણ આપવાના મામલે રહીશો અને ભક્તો વચ્ચે ઘર્ષણ થતાં માહોલ ગરમાયો હતો. સોસાયટીમાં રહેતા અને સોશિયલ મીડિયા પર ફેન ફોલોઈંગ ધરાવતા હિમાની માસીએ 1 ઓગસ્ટે પોતાના ફ્લેટમાં દશામાની મૂર્તિ સ્થાપી હતી. ત્યારબાદ દર્શન માટે જાહેર આમંત્રણ અપાતા બહારથી મોટી સંખ્યામાં લોકો આવવા લાગ્યા હતા.

રહીશોના જણાવ્યા મુજબ, અજાણ્યા લોકોની અવરજવરથી અવ્યવસ્થા સર્જાવાની અને સુરક્ષા જોખમાવાની આશંકા વ્યક્ત કરી છ મહિના અગાઉ



બાપોદ પોલીસને લેખિત રજૂઆત કરાઈ હતી. જોકે, કાર્યવાહી નહીં કરાઈ હોવાનો આક્ષેપ છે. સાંકડા પેસેજમાં સવાર-સાંજ ભીડ વધતા ટાવરના રહીશોને અવરજવરમાં મુશ્કેલી પડતી હતી.

વ્યવસ્થામાં રહેલા સેવકોને ટોકતાં વિવાદ થયો હતો. ત્યારબાદ હિમાની માસી અને તેમના સમર્થકો સાથે રહીશો વચ્ચે બોલાચાલી થઈ હતી. કેટલાક ભક્તોએ મહિલાઓ અને પુરુષો સાથે હાથાપાઈ કરી હોવાનો રહીશોએ આક્ષેપ કર્યો હતો. અસુરક્ષાની લાગણી સાથે રહીશો બાપોદ પોલીસ મથકે પહોંચ્યા હતા. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

# મકરપુરા-સુશેન રોડ પર ટર્ન લેતા ટ્રકે ચાલતી જતી યુવતીને કચડી

**સ્પીડ** બ્રેકર નહીં હોવાથી અવાર-નવાર અકસ્માત થતા હોવાનો સ્થાનિક રહીશોનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરાના મકરપુરાથી સુશેન તરફ જતા માર્ગ પર શિવમ ડુપ્લેક્સ નજીક ટર્નિંગ દરમિયાન ટ્રકના ટાયર નીચે આવી જતા ચાલતા જતી યુવતીને ગંભીર ઈજાઓ પહોંચી છે. બનાવને પગલે લોકટોળા એકત્ર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવતીને સારવાર માટે ખસેડવામાં આવી હતી. જ્યારે પોલીસે ટ્રકના ચાલકની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથધરી હતી.

મળતી માહિતી મુજબ યુવતી પગપાળા જઈ રહી હતી તે દરમિયાન ટ્રકે ટર્ન લીધો હતો. આ દરમિયાન યુવતી ટ્રકની નીચે આવી ગઈ હતી અને ટ્રકના ટાયર તેના શરીર પર ફરી વળ્યા હતા. અકસ્માતમાં યુવતીના શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે.

સ્થાનિક રહીશ યામિની બેન મિસ્ત્રીએ જણાવ્યું કે શિવમ ડુપ્લેક્સ પાસેના ટર્નિંગ પર અકસ્માતો થતા જ રહે છે. નજીકમાં સ્કૂલ આવેલી હોવા છતાં અહીં કોઈ બમ્પર કે સ્પીડ બ્રેકર નથી. જેના કારણે ભારે વાહનો પુરપાટ ઝડપે દોડે છે. તેમણે વધુમાં આક્ષેપ કર્યો કે રોડ પર લોકોની સુરક્ષા માટે કોઈ વ્યવસ્થા નથી અને ભારદારી વાહનો બેફામ બની ગયા છે. અકસ્માત બાદ 108 એમ્બ્યુલન્સ પણ મોડી પહોંચી હતી.

ઘટના બાદ સ્થાનિકોએ તંત્ર પાસે આ જગ્યાએ તાત્કાલિક સ્પીડ બ્રેકર અને ટ્રાફિક વ્યવસ્થા ગોઠવવાની માંગ કરી છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પાદરાના મુજપુરમાં રક્ષાબંધન પહેલાં ભાઈ-બહેનના કરંટ લાગતાં મોત

# ભાઈની ચીસ સાંભળી બચાવવા દોડી, બહેન પણ કરંટની ચપેટમાં આવી

(પ્રતિનિધિ ) પાદરા,તા.16

રક્ષાબંધનના પર્વને ગણતરીના દિવસો બાકી છે ત્યારે પાદરા તાલુકાના મુજપુર-રેલેપુરા ગામમાંથી હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. વહેલી સવારે મંદિરે દર્શન કરવા જતા ભાઈ-બહેનને વીજ કરંટ લાગતાં બંનેના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા.

મુજપુરમાં રહેતો 25 વર્ષીય જયદીપ પઢિયાર સવારે સાડા પાંચ વાગ્યે ઘરની પાછળ આવેલા મંદિરે દર્શન માટે જતો હતો. રસ્તામાં અચાનક તેને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. ભાઈની ચીસ સાંભળીને બહેન મિત્તલ તેને બચાવવા દોડી ગઈ હતી, પરંતુ તે પણ કરંટની ચપેટમાં આવી હતી. કરંટ એટલો તીવ્ર હતો કે બંનેને બચવાની તક મળી નહોતી.

ઘટનાની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને પાદરા પોલીસને



જાણ કરી હતી. પોલીસે સ્થળ પર પહોંચી પંચનામું કરી બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે પાદરા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડ્યા હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. રક્ષાબંધન પહેલાં બે સંતાનો ગુમાવતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે.

### કેમિકલયુક્ત દૂષિત પાણીથી ગ્રામજનોના આરોગ્ય અને પશુઓ પર તોળાતું જોખમ

# નંદેસરી ઔદ્યોગિક વસાહતમાં પર્યાવરણ સાથે ગંભીર ચેડાં: વરસાદની આડમાં NECLની ચેનલમાં છોડાયું ઝેરી લીલું કેમિકલ

**સ્થાનિકોમાં** ભારે રોષ વચ્ચે GPCBની ભૂમિકા શંકાના ઘેરામાં

(પ્રતિનિધિ) વડોદરા તા.16

સંસ્કારી નગરી વડોદરાના નંદેસરી ઔદ્યોગિક વિસ્તારમાં પર્યાવરણ અને જાહેર આરોગ્ય સાથે ચેડાં થતો હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. નંદેસરી ઈન્ડસ્ટ્રિયલ એસોસિએશનની NECL (નંદેસરી એન્વાયરો કેર લિમિટેડ)ની ખુલ્લી ડ્રેનેજ ચેનલમાં ઘાટા લીલા રંગનું કેમિકલયુક્ત દૂષિત પાણી વહેતું જોવા મળતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. વરસાદી માહોલનો લાભ લઈ કોઈ કેમિકલ કંપની દ્વારા ઝેરી પ્રવાહી ખુલ્લી ડ્રેનેજમાં છોડવામાં આવ્યું હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, નંદેસરી વિસ્તારમાં ધોધમાર વરસાદ પડે ત્યારે કેટલીક કંપનીઓ દ્વારા કેમિકલ વેસ્ટના નિકાલ માટે વરસાદી પાણીનો સહારો લેવાતો હોવાના અગાઉ પણ આક્ષેપો થયા છે. વરસાદના પાણી સાથે કેમિકલ વહી જશે અને તેનો પત્તો નહીં લાગે તેવા આશયથી દૂષિત પ્રવાહી ડ્રેનેજમાં છોડવામાં આવતું હોવાનો સ્થાનિકોનો દાવો છે. જોકે, આ વખતે પાણીનો ઘાટો લીલો રંગ દૂરથી જ દેખાઈ આવતાં મામલો સામે આવ્યો હતો.

ડ્રેનેજમાં કેમિકલયુક્ત પાણી વહેતા આસપાસના વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ હતી. જેના કારણે સ્થાનિક લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાની ફરિયાદો ઉઠી છે. ગ્રામજનોએ આશંકા વ્યક્ત કરી છે કે આ દૂષિત પાણી જમીનમાં ઉતરવાથી ભૂગર્ભજળ પ્રદૂષિત થઈ શકે છે. લાંબા ગાળે આવા પ્રદૂષણની ગંભીર અસર માનવ આરોગ્ય અને ખેતી પર પણ પડી શકે છે. ઉપરાંત, પશુઓ અજાણતાં આ દૂષિત પાણી પીવે તો તેમના આરોગ્ય સામે પણ મોટું જોખમ ઊભું થઈ શકે છે. અગાઉ પણ દૂષિત પાણીના કારણે પશુઓના મોત થયાના બનાવો બન્યા હોવાનો ગ્રામજનોએ દાવો કર્યો છે.

ઘટનાની જાણ થતાં આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા અને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ગ્રામજનોએ આક્ષેપ કર્યો કે કંપનીઓ પોતાના આર્થિક ફાયદા માટે પર્યાવરણ અને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહી છે. સાથે જ GPCBની કામગીરી અને મોનિટરિંગ સામે પણ સવાલો ઉઠાવ્યા હતા.

ગ્રામજનોએ તાત્કાલિક સ્થળ તપાસ કરી લીલા રંગના દૂષિત પાણીના સેમ્પલ લેવાની માગ કરી છે. તેમજ સેમ્પલની વૈજ્ઞાનિક તપાસ, CCTV ફૂટેજની ચકાસણી અને તપાસના આધારે જવાબદાર કંપની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે. પર્યાવરણના નિયમોનો ભંગ સાબિત થાય તો જવાબદાર એકમ સામે કડક પગલાં ભરવા અને જરૂરી હોય તો ફેક્ટરી સીલ કરવાની પણ માગ ઉઠી છે. વહેલી તકે કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ગ્રામજનોએ ચીમકી આપી છે.

## નકલી કિન્નર બની ઉઘરાણી, આજવા ચોકડી પાસે હોબાળો

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરાના આજવા ચોકડી બ્રિજ નજીક અનંતા લાઈફસ્ટાઈલ અને કાન્હા લેન્ડમાર્ક વિસ્તારમાં નકલી કિન્નર બની લોકો પાસેથી પૈસાની ઉઘરાણી કરવાના મામલે હોબાળો થયો હતો. કેટલાક લોકો ઉઘરાણી કરતા હોવાની જાણ થતાં સ્થાનિકોએ તેમને ઝડપી પાડ્યા હતા.

ઘટનાની જાણ થતાં અંજુમાસી સહિતના આગેવાનો સ્થળ પર પહોંચ્યા હતા અને સમગ્ર મામલો જાણ્યો હતો. આ દરમિયાન નકલી કિન્નર બની ઉઘરાણી કરનાર પાસેથી માફી મંગાવવામાં આવી હતી. તેમજ જેમની પાસેથી પૈસા લેવામાં આવ્યા હતા, તે રકમ પરત કરાવવામાં આવી હતી. ઘટનાને પગલે સ્થળ પર લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને વિસ્તારમાં ચર્ચા જાગી હતી. નકલી કિન્નર બની ઉઘરાણી કરવામાં આવતી હોવાના આક્ષેપને પગલે સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. જોકે, આગેવાનોની દરમિયાનગીરી બાદ મામલો થાળે પડ્યો હતો.

# સ્કૂલના મેદાનમાં ફૂટબોલ રમતા ૧૫ વર્ષીય વિદ્યાર્થીનું કરંટથી મોત

ન્યુ એરા સ્કૂલની ઘટનાથી ખળભળાટ,પરિવાર અને સ્થાનિકોમાં શોક-રોષ

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરા ફતેગંજ વિસ્તારમાં આવેલી ન્યુ એરા સ્કૂલના કમ્પાઉન્ડમાં રમત દરમિયાન કરંટ લાગતા 15 વર્ષીય વિદ્યાર્થીનું મોત થતાં શોકનું મોજું ફરી વળ્યું હતું. બનાવને પગલે પરિવારજનો ઘેરા શોકમાં ગરકાવ થયા હતા.

વડોદરા શહેરના નિઝામપુરાના રહેવાસી અને ડેન્ટિસ્ટ પ્રશાંતભાઈ શાહના પુત્ર દેવ શાહ 11મા ધોરણમાં અભ્યાસ કરતો હતો. તે શાળાના ગ્રાઉન્ડમાં ફૂટબોલની પ્રેક્ટિસ કરી રહ્યો હતો. રમત દરમિયાન બોલ લેવા માટે તે મેદાનમાં આવેલા થાંભલા પાસે ગયો હતો. એ જ સમયે



થાંભલામાંથી જોરદાર વીજપ્રવાહ આવતા તેને કરંટ લાગ્યો હતો. કરંટનો ઝટકો એટલો તીવ્ર હતો કે દેવ સ્થળ પર જ બેભાન થઈ ગયો હતો. તાત્કાલિક તેને સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર મળે તે પહેલા જ તેનું મોત થયું હતું. ઘટનાની જાણ થતાં જ ફતેગંજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે એસએસજી હોસ્પિટલમાં મોકલી આપ્યો છે. મેદાનમાં થાંભલામાં કરંટ કેવી રીતે આવ્યો, કોઈ બેદરકારી હતી કે કેમ તે અંગે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. દીકરાના અચાનક અવસાનથી શાહ પરિવારમાં માતમ છવાયો છે. આ સાથે રમતગમતના મેદાનમાં આવી ગંભીર બેદરકારી સામે સ્થાનિકોમાં પણ ભારે રોષ જોવા મળ્યો હતો.